**ક્રો.પર.અ.નં.13836/2026 તળે હુકમ**

સુરત લાલગેટ પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. 11210061260451/2026 ધી ગુજરાત પ્રોહીબીશન કલમ – 65AA મુજબના ગુન્હાના કામે આરોપી – ફૈઝલબાબા મોહમદ સલીમ મેમણ નાઓની જામીન અરજી લગત હુકમ.

1. આરોપી તરફે વિ. વ. શ્રી. દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,2023 ની કલમ – 478 અન્વયે આરોપીને જામીન ઉપર મુક્ત કરવા સારું હાલની જામીન અરજી દાખલ કરવામાં આવેલ છે. તેઓની મુખ્ય રજૂઆત એવી છે કે, આ કામના આરોપીને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. આ કામના આરોપીએ આવો કોઇ ગુન્હો કરેલ નથી. આ કામના આરોપીનો કોઇ ગુન્હાહીત ઇતિહાસ નથી. આરોપી પર પોતાના પરીવારની જવાબદારી છે. આરોપી ક્યાંય નશી ભાગી જાય તેમ નથી. જો આરોપીની જામીન અરજી નામંજૂર કરવામાં આવશે તો તેની વિપરીત અસરો સિદ્ધિ તેઓના કુટુંબની વ્યક્તિઓ ઉપર પડશે અને તેના પરિણામે આરોપીનો પરિવાર રજળી પડે પડશે, તેમજ આરોપી સામે આક્ષેપિત ગુન્હાની ગંભીરતા અને મહત્તમ સંભવિત સજાની જોગવાઈ ધ્યાને લેતા તે આજીવન કેદ કે વિકલ્પે મોતની સજાને પાત્ર ગુન્હો નથી. હાલના ગુન્હાની ઇન્સાફી કાર્યવાહી આપ નામ. સાહેબને ચલાવવાની સત્તા છે. આ કામના આરોપીને યોગ્ય શરતોને આધીન જામીન મુક્ત કરવા અરજ ગુજારે છે.
2. ફરિયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રી ને સંભાળ્યા. અરજી લગતનો મૌખિક વાંધો/જામીન અરજીમાં કરેલ શેરો ધ્યાને લીધો. તેઓની મુખ્ય રજૂઆત એવી છે કે, આરોપી ધ્વારા કહેવાતા ગુન્હાની સજાની જોગવાઇ ધ્યાને લેતા આરોપીને જામીન મુકત કરવા સામે વાંધો છે તેમજ આરોપી સામેના અક્ષેપિત ગુન્હાની ગંભીરતા અને મહત્તમ સંભવિત સજાની જોગવાઈ ધ્યાને લઈ આરોપીની જામીન અરજી નામંજૂર કરવા અરજ ગુજારેલ છે.
3. સદર કામે બંને પક્ષકારોની દલીલો સાંભળી, એફ.આઈ.આર. તથા અન્ય ઉપલબ્ધ પોલીસ પેપર્સ વંચાણે લીધા. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,2023 ની કલમ – 478 ના પ્રબંધો ધ્યાને લીધા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,2023 ની કલમ – 478 અન્વયે જામીન અરજી નો નિર્ણય કરતી વખતે નામદાર અદાલતે વિવેક બુદ્ધિનો ઉપયોગ કરવાનો રહે છે તે વિવેક બુદ્ધિનો ઉપયોગ કરતી વખતે Sound Judicial Mind વાપરવાનુ છે, એટલે કે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,2023 ની કલમ – 478 લગત જામીન અરજી નો નિર્ણય કરતી વખતે કોર્ટે નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા જામીન અંગે પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતોની સાથે આરોપી સામે આક્ષેપિત ગુન્હાની ગંભીરતા, મહત્તમ સજા ની જોગવાઈ, આરોપીની ટ્રાયલ દરમિયાન હાજર રહેવાની શક્યતા, આરોપીનો સદરહુ ગુન્હા માં રોલ, આરોપીની મોડસ ઓપરેન્ડી, આરોપી સામે નો પ્રથમ દર્શનીય કેસ વિગેરે ફેક્ટરસ ધ્યાને લઈ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,2023 ની કલમ – 478 અન્વયે આપેલ વિવેક બુદ્ધિ નો ઉપયોગ આરોપીની તરફેણ કરી આરોપીને જામીન મુક્ત કરવા કે નહિ તે નક્કી કરવાનુ રહે છે અને તેનો આધાર દરેક કેસની હકીકતો અને સંજોગો ઉપર રહેલો છે.

4. બંને પક્ષોને ગંભીરતા પૂર્વક સાંભળ્યા બાદ, આરોપી સામે આક્ષેપિત ગુન્હાની ગંભીરતા અને મહત્તમ સંભવિત સજાની જોગવાઈ ધ્યાને લેતા તે આજીવન કેદ કે વિકલ્પે મોતની સજાને પાત્ર ગુન્હો નથી તેમજ હાલની અદાલતને સદર કેસ ચલાવવાની સત્તા છે, વળી **Satender Kumar Antil V. Central Bureau of Investigation** ના નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત "*Bail is a rule and jail is an exception*" તે સિદ્ધાંત ને ધ્યાને લઈ આરોપીને યોગ્ય શરતોને આધીન જામીન મુક્ત કરવા ઠરાવેલ છે. નામદાર સુપ્રીમ કોર્ટ અને અન્ય વિવિધ વડી અદાલતના જામીન અંગે પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતો સાથે સદર કેસમાં ઉપરોક્ત જણાવેલ તમામ પાસાઓનો અભ્યાસ કરી તથા તેની સાથે રેકર્ડ પરના સંજોગો ધ્યાને લેવામાં આવેલ છે. તેમજ અન્ય હકીકતો ધ્યાને લેતા, આ તબક્કે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,2023 ની કલમ – 478 માં આપવામાં આવેલ વિવેક બુદ્ધિનો ઉપયોગ આરોપીની તરફેણમાં કરી આરોપીને જો જામીન ઉપર મુક્ત કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું મારું ઉપરોક્ત ચર્ચાને આધીન માનવું છે. જેથી આરોપીની જામીન અરજી લગત નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**–:આખરી હુકમ:–**

1. આરોપીની હાલની જામીન અરજી મંજુર કરવામાં આવે છે.
2. આરોપીએ રૂપિયા 15,000/– (પંદર હજાર પૂરા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમ ના જાત મુચરકા રજૂ કર્યેથી જામીન પર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સુરત
તા.18/08/2026

( ડી. બી. ગઢવી)
ચોથા એડી. જ્યુડી. મેજી. ફ.ક.
સુરત
UID No.GJ01754